# Day to Day Current Affairs
## September – 2015

## ૧. ગુજરાત સ્કુલ એન્ડ કોલેજ સ્પોર્ટસ લીગ :

તાજેતરમાં ગુજરાત સરકારના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ દ્વારા 'ગુજરાત સ્કુલ એન્ડ કોલેજ સ્પોર્ટસ લીગ'નું આયોજન થઇ રહ્યું છે.

આ અંતર્ગત કુલ 5 રમતો અને 7 લીગમાં પ્રત્યેક રમત માટે ઝોન લીગ અને સ્ટેટ લીગ હશે.

કુલ પાંચ રમતો :

૧.ફુટબોલ (ભાઇઓ)

૨.કબડ્ડી (ભાઇઓ)

૩.ખો-ખો (બહેનો)

૪.બાસ્કેટબોલ (ભાઇઓ-બહેનો)

૫.વોલીબોલ ( ભાઇઓ-બહેનો)

કુલ 4ઝોન

૧.સૌરાષ્ટ્ર ૨. ઉત્તર ગુજરાત
૩.દક્ષિણ ગુજરાત ૪.મધ્ય ગુજરાત

ગુજરાત સરકાર દ્વારા પ્રત્યેક સ્કુલ-કોલેજની વિજેતા ટીમોને આકર્ષક ઇનામો અપાશે જે નીચે મુજબ છે.

સ્ટેટ લીગ ( દરેક રમત માટે )

૧. પ્રથમ ઇનામ રૂ 5 લાખ

૨.દ્વિતિય ઇનામ રૂ 3.5 લાખ

૩.તૃતિય ઇનામ રૂ 2.5 લાખ

ઝોન લીગ (દરેક રમત માટે)

૧. પ્રથમ ઇનામ રૂ 2 લાખ

૨. દ્વિતિય ઇનામ રૂ 1 લાખ

૩. તૃતિય ઇનામ રૂ 50 હજાર

માટે 21 સપ્ટેમ્બર સુધી ઓનલાઇન થઇ શકશે.

વેબ સાઇટ : www.khelgujarat.org

આ સ્પોર્ટસ લીગ ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીમાં યોજાશે.

## ૨. 'ધરતી રત્ન એવોર્ડ' :

લોકસેવા ટ્રસ્ટના પ્રમુખ અને લેખક સંપાદક ભીમજીભાઇ નાકરાણીને તેમની સમાજ સેવાના વિવિધ કાર્યો બદલ વર્ષ 2013-14 માટે ધરતી રત્ન એવોર્ડથી સન્માનીત કરયા હતાં.

આ એવોર્ડ તેમને રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીના હસ્તે એનાયતથયો હતો.

## 3. ગુટખા પર વધુ એક વર્ષનો પ્રતિબંધ :

રાજ્ય સરકારે ગુટખા અને તમાકુ પર વધુ એક વર્ષનો પ્રતિબંધ મુક્યો છે.

રાજ્યના નાગરિકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને સમગ્ર રાજ્યમાં 11-9-2015 થી એક વર્ષ માટે પ્રતિબંધ મુકતું જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

Vivekanand Academy, Gandhinagar